# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મનકી બાતની 127મી કડીમાં વાત કરતાં છઠપૂજા નિમિત્તે દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી ..ઓપરેશન સિંદૂર દરમિયાન માઓવાદથી મુક્ત થયેલા રાજ્યના લોકોને અભિનંદન પાઠવ્યા
2. પ્રધાનમંત્રીએ બચતોત્સવને કારણે તહેવારોમાં લોકોએ કરેલી સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદીને બિરદાવી
3. પ્રધાનમંત્રીએ ગુજરાતના ધોલેરામાં મે ન્ગ્રોવ ઉછેરને કારણે ઇકોસિ સ્ટમને થયેલા ફાયદાનો ઉલ્લેખ કર્યો.
4. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન બે દિવસની મુલાકાતે સેશેલ્સ જવા રવાના
5. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની સાથે બીજા તબક્કા માટે પણ પ્રચાર વેગવાન બન્યો

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM MKB -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે છઠનો મહાપર્વ સંસ્કૃતિ, પ્રકૃતિ અને સમાજની એકતાનું પ્રતિબિંબ છે. આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા , પ્રધાનમંત્રીએ છઠ નિમિત્તે દરેકને અને ખાસ કરીને બિહાર, ઝારખંડ અને પૂર્વાંચલના લોકોને શુભેચ્છાઓ પાઠવી. તેમણે ભાર મૂક્યો કે સમાજનો દરેક વર્ગ છઠ ઘાટ પર એક સાથે આવે છે, જે ભારતની સામાજિક એકતાનું સૌથી સુંદર ઉદાહરણ છે.

શ્રી મોદીએ ભાર મૂક્યો કે આખો દેશ ઉત્સવની ભાવનામાં ડૂબેલો છે અને ભક્તિ , સ્નેહ અને પરંપરાનો સંગમ જોવા મળી રહ્યો છે. તેમણે છઠ દરમિયાન મહિલાઓ જે સમર્પણ અને ભક્તિ સાથે ઉપવાસ રાખે છે તે પ્રેરણાદાયક ગણાવ્યું.

શ્રી મોદીએ નોંધ્યું કે ઓપરેશન સિંદૂરથી દરેક ભારતીયને ગર્વ થયો છે. તેમણે કહ્યું કે આ વખતે , માઓવાદી આતંકથી પ્રભાવિત એવા વિસ્તારોમાં પણ ખુશીના દીવા પ્રગટાવવામાં આવ્યા છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી (OPERATION SINDOOR )

GST બચત ઉત્સવ અંગે લોકોમાં ઉત્સાહ હોવાનો ઉલ્લેખ કરીને તેમણે ખુશી વ્યક્ત કરી કે તહેવારોની મોસમ દરમિયાન સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં ભારે વધારો થયો છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી, (GST UTSAV )

# PM MKB -2

પ્રધાનમંત્રીએ દેશના વિવિધ શહેરોમાંથી સ્વચ્છતા પ્રયાસો અંગે કેટલીક પ્રેરણાદાયી પહેલો જણાવતાં છત્તીસગઢના અંબિકાપુરમાં ગાર્બેજ કાફે ,બેંગલુરુ અને આસપાસના વિસ્તારોમાં 40 કુવાઓ અને છ તળાવોને પુનર્જીવિત કરવાના કાર્યને બિરદાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ ગુજરાતના ધોલેરામાં મેન્ગ્રોવ રોપણના અભિયાનનો પણ ઉલ્લેખ કર્યો હતો.

(બાઇટ- નરેંદ્ર મોદી, પ્રધાનમંત્રી ( MAGRUVOOS)

શ્રી મોદીએ સુરક્ષા એજન્સીઓએ ભારતીય જાતિના કૂતરાઓને દત્તક લેવામાં પ્રશંસનીય પ્રયાસો કર્યા છે. BSF અને CRPF એ તેમની ટુકડીઓમાં ભારતીય જાતિના કૂતરાઓની સંખ્યામાં વધારો કર્યો હોવાની વાતને બિરદાવી હતી.

પ્રધાનમંત્રીએ આગામી 31મી ઓક્ટોબરે સરદાર પટેલની જન્મજયંતીમાં લોકોને રન ફોર યુનિટીમાં ભાગ લેવા અપીલ કરી હતી.

(બાઇટ- નરેન્દ્ર મોદી, ( RUN FOR UNITY)

પ્રધાનમંત્રીએ ભારતના રાષ્ટ્રીય ગીત - વંદે માતરમના વિષય પર પણ વાત કરી. તેમણે કહ્યું કે દેશ વંદે માતરમની ઉજવણીના 150મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે.

શ્રી મોદીએ દરેકને વંદે માતરમનો મહિમા વધારવા માટે પ્રયાસ કરવા અને સાથે સૂચનો મોકલવા વિનંતી કરી.

પ્રધાનમંત્રીએ સંસ્કૃત વિશે સંસ્કૃતિ અને સોશિયલ મીડિયાની દુનિયાએ સંસ્કૃતને નવું જીવન આપ્યું છે. તેમણે સંસ્કૃત સંબંધિત રસપ્રદ કાર્ય કરતા લોકોના ઉદાહરણો આપ્યા.

શ્રી મોદીએ કોમારામ ભીમ અને ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે તેમને પણ યાદ કરીને નમન કર્યું હતુ.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . .

# VICE PREZ SEYCHELLES

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન બે દિવસની મુલાકાતે સેશેલ્સ જવા રવાના થયા છે. તેઓ સેશેલ્સના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિનીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે . તેમની મુલાકાત દરમિયાન , તેઓ ડૉ. હર્મિનીને ભારતની શુભેચ્છાઓ પાઠવશે અને બંને દેશો વચ્ચેના ગાઢ અને લાંબા સમયથી ચાલતા સંબંધોને પુનઃપુષ્ટ કરશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે , સેશેલ્સ, ભારતના વિઝન 'મહાસાગર' હેઠળ એક મહત્વપૂર્ણ ભાગીદાર છે. આ મુલાકાત સેશેલ્સ સાથે તેની ભાગીદારીને મજબૂત અને વિસ્તૃત કરવા માટે ભારતની ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

. . . . . . . . . . . .

# ASEAN

દક્ષિણપૂર્વ એશિયન દેશોના સંગઠન (ASEAN)નું વાર્ષિક શિખર સંમેલન આજે મલેશિયાના કુઆલાલંપુરમાં શરૂ થયું છે. બે દિવસીય આ શિખર સંમેલનમાં વેપાર, સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત અનેક અગ્રણી વૈશ્વિક નેતાઓ આ શિખર સંમેલનમાં હાજરી આપી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આસિયાન -ભારત સમિટમાં વર્ચ્યુઅલી જોડાશે . એશિયાનો સૌથી નવો દેશ પૂર્વ તિમોર આજે આસિયાનનો 11મો સભ્ય રાષ્ટ્ર બન્યો છે.

. . . . . . . . .

# BIHAR CAMPAIGNING

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની સાથે બીજા તબક્કા માટે પ્રચાર પણ વેગવાન બન્યો છે. પ્રથમ તબક્કા માટે **6** નવેમ્બરે **121** વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન થશે , જ્યારે બીજા તબક્કાનું મતદાન **11** નવેમ્બરે **122** મતવિસ્તારોમાં થશે.

**NDA** અને મહાગઠબંધન બંનેના વરિષ્ઠ નેતાઓ અને સ્ટાર પ્રચારકો આજે અનેક ચૂંટણી રેલીઓને સંબોધશે.

. . . . . . . . .

# IMD - WEATHER

હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આંધ્રપ્રદેશ , ગુજરાત પ્રદેશ , કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં પણ ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન, ગુજરાત, કોંકણ અને ગોવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં અલગ અલગ સ્થળોએ વાવાઝોડા અને વીજળી સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર બનેલું દબાણ આવતીકાલે દક્ષિણ પશ્ચિમ અને નજીકના પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પર ચક્રવાતી તોફાનમાં પરિણમવાની શક્યતા છે. તેના પ્રભાવ હેઠળ, આગામી ત્રણથી ચાર દિવસ સુધી દેશના મધ્ય અને દક્ષિણ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . .

# ARMY-SHAURYA RUN

દેશના 79મા શૌર્ય દિવસની ઉજવણી માટે આજે નવી દિલ્હીમાં સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શૌર્ય વીર - રન ફોર ઈન્ડિયા 2025ને લીલી ઝંડી આપી. આ કાર્યક્રમમાં સૈન્ય અધિકારીઓ , સૈનિકો, વ્યાવસાયિક રમતવીરો, ફિટનેસ ઉત્સાહીઓ અને વિવિધ પૃષ્ઠભૂમિના નાગરિકો સહિત 10 હજારથી વધુ દોડવીરોએ ભાગ લીધો હતો. આ દોડમાં દેશના સૈનિકોની હિંમત, શિસ્ત અને સર્વોચ્ચ બલિદાનને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ દોડમાં 18 વર્ષથી વધુ ઉંમરના દોડવીરો માટે 21 કિલોમીટરની દોડ અને 18 વર્ષથી વધુ ઉંમરના સહભાગીઓ માટે 10 કિલોમીટરની દોડનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત, 10 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે 3 કિલોમીટરની કૌટુંબિક દોડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી અને અદમ્ય હિંમતને માન આપવા માટે દર વર્ષે 27 ઓક્ટોબરે શૌર્ય દિવસ ઉજવવામાં આવે છે. 1947માં આ દિવસે, સૈનિકો શ્રીનગરની બહારના વિસ્તારમાંથી હુમલાખોરોને ભગાડનારા પ્રથમ ભારતીય સૈનિકો બન્યા, જેનાથી જમ્મુ અને કાશ્મીરને પાકિસ્તાની હુમલાથી બચાવ્યું.

. . . . . . . . . .

# J&K-ACCESSION DAY

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર આજે તેનો જોડાણ દિવસ ઉજવી રહ્યું છે. આજના દિવસે જમ્મુ અને કાશ્મીરનું ઔપચારિક રીતે ભારતીય સંઘમાં જોડાણ થયું હતું. 26 ઓક્ટોબર, 1947 ના રોજ, જમ્મુ અને કાશ્મીરના તત્કાલીન રજવાડા રાજ્યના શાસક મહારાજા હરિ સિંહે વિલીનીકરણના દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર બાદ, રાજ્યનું જોડાણ 27 ઓક્ટોબર, 1947 ના રોજ અમલમાં આવ્યું.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો હતો જ્યારે પાકિસ્તાન સમર્થિત આદિવાસી હુમલાખોરોએ જમ્મુ અને કાશ્મીર પર હુમલો કરીને તેની સાર્વભૌમત્વને પડકાર ફેંક્યો હતો. આ દિવસ રાજ્ય માટે એક ઐતિહાસિક પ્રસંગ છે અને રાષ્ટ્રીય એકતા, દેશભક્તિ અને જમ્મુ અને કાશ્મીરના ભારતમાં એકીકરણના પ્રતીક તરીકે ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . .

# CIVIL AVIATION MEETING

નાગરિક ઉડ્ડયન મંત્રાલય 28 ઓક્ટોબરથી એશિયા પેસિફિક અકસ્માત તપાસ જૂથની બેઠક અને વર્કશોપનું આયોજન કરશે. જેનું ઉદ્ઘાટન નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કરશે. આ કાર્યક્રમમાં એશિયા પેસિફિક દેશોના વિમાન અકસ્માત તપાસ અધિકારીઓના આશરે 90 પ્રતિનિધિઓ હાજરી આપશે.

મંત્રાલયે જણાવ્યું કે, આ ચાર દિવસીય કાર્યક્રમમાં વિમાન અકસ્માત તપાસ, પ્રક્રિયાઓ અને રિપોર્ટિંગના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ પહેલનો હેતુ તપાસ અધિકારીઓમાં કુશળતા, અનુભવ અને જ્ઞાનના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવાનો છે.

આ કાર્યક્રમ દ્વારા , એશિયા-પેસિફિક ક્ષેત્રમાં વિમાન અકસ્માત તપાસ ક્ષમતાઓને સુધારવા માટે સહયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .